# ડીસા નગરપાલિકા કચેરીનું વીજ જોડાણ કપાયું

## ૨૧ કરોડના લેણાં મામલે વીજ કંપનીની કડક કાર્યવાહી

ડીસા, તા.૨૦

ડીસા નગરપાલિકામાં સત્તારૂઢ થયેલા ભાજપ શહેરને વિકાસશીલ બનાવવાની થીમ રજુ કરી રહ્યું છે ત્યારે જ ડીસા પાલિકાની મુસીબતોમાં વધારો થાય તેવા એક મામલામાં વીજ કંપની ડીસાએ પાલિકાની કચેરીનું વીજ જોડાણ કાપી નાખ્યું છે જેનાથી આવતીકાલથી પાલિકાની તમામ કચેરીઓના રોજીંદા કામોમાં વિપરીત અસર પડશે.

ડીસા નગરપાલિકા છેલ્લા ઘણા વર્ષોથી ઉત્તર ગુજરાત વીજ કંપનીની દેવાદાર છે. એક અંદાજ મુજબ પાલિકા સત્તામંડળ પાસે વીજ વપરાશ પેટે ૨૧ કરોડ ૨૧ લાખથી વધુની રકમ માંગે છે જેમાં ગત ૧૭ જુન ૨૦૧૩ના રોજ છેલ્લા ડીસેમ્બર ૨૦૧૨થી અત્યાર સુધીના અંદાજીત પાંચ માસનું નવું ૧ કરોડનું બીલ બાકી બોલતા ડીસા શહેર વીજ કંપનીના નાયબ ઈજનેરે પાલિકાને બીલ ૨૪ કલાકમાં ભરવા નોટીસ ઈશ્યુ કરી હતી. જો કે ૪૮ કલાક બાદ પણ પાલિકાએ બીલના નાણાં ભરપાઈ ના કરતા વીજ કંપનીએ પાલિકાની કચેરીનું વીજ જોડાણ કાપી નાંખ્યું હતું. પાલિકા બાકી નાણાં નિયત સમય મર્યાદમાં નહિ ભરે તો કડક કાર્યવાહી એ વસુલાત માટે વોટર વર્કસના કનેકશનો પણ કપાશે તેમ વીજ કંપનીના નાયબ ઈજનેર એન.બી. શ્રીમાળીએ જણાવ્યું હતું.

આ સમગ્ર મામલામાં ચિંતા જનક બાબત એ છે કે ડીસેમ્બરથી માત્ર પાંચ માસમાં પાલિકાએ એક કરોડનું નવીન બીજ બીલ ચઢાવેલ છે. તે જોતા વીજ કંપનીના લેણાંમાં માત્ર સરવાળાનો જ હિસાબ છે અહીં બાદબાકી થતી નથી. પાંચ માસમાં એક કરોડ નવા ચઢતા અને તેની સામે પાલિકા માત્ર સાડા સાત લાખ જ ચૂકવી શકતા આ દેવું કયાં જઈ અટકશે? તે પ્રશ્નનો પાલિકા સત્તાધીશો પાસે કોઈ ઉત્તર નથી. બીજી તરફ લાઈટના અભાવે નવરા પડેલા કર્મચારીઓ કચેરી બહાર ટહેલતા જોવા મળ્યા હતા જયારે નાગરિકોના આવકના દાકલા, વેરા ભરવા સહીતના અનેક કામો લાઈટના અભાવે અટવાયા હતા.

આ મામલે સૂત્રોએ એવું પણ જણાવેલ છે કે આ કેસમાં વીજ કંપની પણ એટલી જ જવાબદાર છે કેમ કે સામાન્ય વીજ વપરાશકારના એકાદ હજારની રકમમાં વીજ જોડાણ કાપવું. કોર્ટમાં સિવિલ દાવા કેસ કરવા, વોરંટ કઢાવી રકમ વસુલવી જેવી સખ્ખાઈ દાખવતી જેવી કંપનીએ અધધધ... કહી શકાય તેટલી ૨૧ કરોડની રકમ કેમ અને કોના કહેવાથી ચઢવા દીધી? તે સવાલ પણ ઉભો થાય છે. આ બાકી રકમ ના ભરાય તો સ્ટ્રીટ લાઈટ અને વોટરવર્કસના જોડાણ કપાવવાની ભીતિ વચ્ચે સત્તાધીશોની અણઆવડતે નગરજનોને શોસાવું પડશે તેવી સ્થિતિ સર્જાઈ છે.

## મંત્રી બાબુભાઈ બોખીરીયાના રાજીનામાની માંગણી કરતી દાંતીવાડા કોંગ્રેસ સમિતિ

દાંતીવાડા, તા.૨૦

રૂપિયા ૫૪ કરોડની ખનીજ ચોરીમાં દોષીત અને ત્રણ વર્ષની કેદની સજા બાદ જામીન ઉપર મુકત થયેલા ભાજપના ધારાસભ્ય બાબુભાઈ બોખીરીયા તાકીદે રાજીનામું આપે અને સંપૂર્ણ ભ્રષ્ટાચારવાળા મંત્રીમંડળની તપાસ માટે મુખ્યમંત્રી તાકીદે લોકાયુકતની નિમણુંક કરે તેવી માંગ સાથે દાંતીવાડા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખની અધ્યક્ષતામાં મામલતદારને આવેદનપત્ર સુપ્રત કરવામાં આવ્યુંહતું.

સામાન્ય રીતે વર્તમાન પ્રધાન ઉપર કોઈ પણ પ્રકારના આક્ષેપ થાય તો પણ રાજીનામું આપવાની પરંપરા યથાવત છે. કેન્દ્રીય પ્રધાન મંડળમાં પણ જયારે તકેદારી આયોગ કન્ટ્રોલર એન્ડ ઓડીટર જનરલ ઓફ ઈન્ડિયા કે લોકાયુકત જેવી સંસ્થાઓ કોઈ પણ પ્રધાન વિરુધ્ધ વ્યકિતગત સંડોવણીનો અહેવાલ આપે તો પણ રાજીનામું અપાય છે. પ્રધાન સામે જયારે પોલીસ કેસ નોંધાય તેવા સંજોગોમાં પણ જયાં સુધી આ કેસ કોર્ટમાં ચાલીને નિર્દોષ સાબિત ન થાય ત્યાં સુધી પ્રધાનપદેથી રાજીનામું અપાય છે. અથવા તો મુખ્યમંત્રી કે વડાપ્રધાન આવા પ્રધાનને પડતા મુકે છે. બાબુભાઈ બોખીરીયાની સામે તો ખનીજ ચોરીનો આક્ષેપ કોર્ટમાં સાબિત થયેલ છે અને તેમને ત્રણ વર્ષની સજા અને પાંચ હજાર રૂપિયાનો દંડ કરેલ છે ત્યારે આવા મંત્રીને તાત્કાલિક પ્રધાનમંડળમાંથી પડતા મુકવા જોઈએ તેવી માંગણી દાંતીવાડા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ નટવરસિંહ કે. વાઘેલા, રાતડા ગોવિંદભાઈ ડી.-પૂર્વ પ્રમુખ દાંતીવાડા તાલુકા કોંગ્રેસ સાણીયા નાથુભાઈ એમ.-સામાજીક કાર્યકર, પૂર્વ કોંગ્રેસ મહામંત્રી બનાસકાંઠા જિલ્લા ભોજાણી અશોકભાઈ, ઉપપ્રમુખ દાંતીવાડા તાલુકા કોંગ્રેસ પંચાલ પોપટલાલ તેમજ કાર્યકર જોષી અમીત, રબારી શામળભાઈ, જાની રજનીકાન્ત દ્વારા દાંતીવાડા મામલતદારને આવેદન સુપ્રત કરવામાં આવ્યું હતું.



સમગ્ર રાજયમાં શહેરી વિસ્તારમાં આરંભાયેલ ત્રિદિવસીય શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ નિમિત્તે આજે સાબરકાંઠા જિલ્લાના -તિંજ શહેરની -ાથમિક શાળામાં રાજય ખાદી ગ્રામધોગના અધ્યક્ષ શ્રી વાડીભાઈ પટેલના હસ્તે -વેશપાત્ર ધો-૧ માં બાળકો તથા આંગણવાડીના ભૂલકાંઓને -વેશ અપાવ્યો હતો.

## ભિલોડાનગરમાં ગત રાત્રે સોના-ચાંદીના વેપારી પર લુંટના ઈરાદાથી હુમલો : ભિલોડાના બજારો સજ્જડ બંધ

ભિલોડા, તા.૨૦

ભિલોડાનગરમાં ગત રાત્રે ૮:૦૦ વાગ્યાના સુમારે સોના-ચાંદીના વેપારી ઉપર અજાણ્યા ચાર ઈસમોએ લુંટના ઈરાદાથી હુમલો કરતા વેપારી ઘાયલ થયા હતા.ભિલોડાનગરના વેપારીઓએ બજારો સજ્જડ બંધ રાખ્યા હતા. ભિલોડા પોલીસ જણાવ્યા શામળાજી રોડ ઉપર આવેલ શ્રી કૃષ્ણ માર્કેટ શોપીંગ સેન્ટરમાં વૈશાલી જ્વેલર્સ નામની પેઢી ધરાવતા વિષ્ણુંભાઈ નરસિંહદાસ સોની, રહે.ભિલોડા ગત સમી સાંજે ૭:૩૦ વાગ્યાના સુમારે દુકાન બંધ કરી હોન્ડા ઈર્ટનો સ્કુટર ઉપર તેમના ધર્મપત્નીને બેસાડી તેમના ઘર તરફ જતા હતા ત્યારે નારણપુર-નારસોલી રોડ ઉપર શાંતિનગર સોસાયટીના હાર્દસમા રેસીડેન્ટ વિસ્તારમાં અજાણ્યા ચાર ઈસમો બે બાઈકો લઈ આવ્યા હતા. બાઈક નંબર. જી. જે. ૨૦.એચ.૧૮૪૩ હિરો હોન્ડા સ્પ્લેન્ડર અને બજાજ ડિસ્કર લઈ આવ્યા હતા. ભિલોડાનગરના શાંતિનગર વિસ્તારમાં રાત્રે ૮:૦૦ અરસામાં એકા-એક સોના-ચાંદીનો વેપાર કરતા વેપારી વિષ્ણુંભાઈ સોનીના સ્કુટર આગળ આવી સ્કુટર પાડી દીધા બાદ વેપારીને માથાના ભાગે તિક્ષ્ણ પથ્થરો,તલવાર અને લાકડીઓ મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.આ ઝપાઝપી દરમ્યાન તેમના ધર્મપત્ની કલ્પનાબેન સોનીના શરીર ઉપર પણ વત્તા-ઓછા પ્રમાણમાં ઈજાઓ થવા પામેલ હતી.વેપારીને સારવાર અર્થે મીરા હોસ્પિટલ, ધોલવાણી ત્રણ રસ્તા ખાતે ખસેડાયા હતા. અજાણ્યા ચોર-ઈસમો વેપારીનો થેલો લઈ ભાગી છુટ્યા હતા.વેપારીના થેલામાં દુકાનની તિજોરીની ચાવીઓ,પોતાના પુત્રના નામનું દેના બેંકનું સર્ટી તેમજ ડાયરીઓ,ચોપડાઓ સહિત સાહિત્ય થેલામાં હતું. અજાણ્યા ચોર ચાર ઈસમો પોતાના કબજાની બાઈકો ભિલોડાના શાંતિનગર વિસ્તારમાં મુકી ભાગી છુટતા ચકચાર મચી જવા પામી છે. વિષ્ણુંભાઈ નરસિંહદાસ સોની, વૈશાલી જ્વેલર્સવાળાની ફરીયાદના આધારે ભિલોડા પો.સ્ટે.ફર્સ્ટ,ગુના રજીસ્ટર નંબર.૦૦૬૦/૦૧૩ ઈ.પી. કો. કલમ ૩૯૪,૧૧૪ મુજબ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી પોલીસ ધ્વારા હાથ ધરાલ છે.ભિલોડા પી.એસ.આઈ. વી.યુ. ચાવડા આ લુંટના ઈરાદે આવેલા ચાર અજાણ્યા ચોર-ઈસમોને ઝડપી લેવા માટે ચક્રો ગતિમાન કરેલ છે.

ભિલોડા તાલુકા ભાજપ પ્રમુખ કાંતીલાલ પટેલ, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, ભિલોડા વેપારી એસો. પ્રમુખ મુકેશભાઈ ત્રિવેદી, મુકેશભાઈ મહેતા, કમલેશભાઈ મહેતા, ગુણવંતભાઈ ત્રિવેદી, હર્ષદભાઈ સોની, સુભાષભાઈ સોની, જન્મેજય સોની, અશોક સોની, જીગર સોની, વિમલ સોની, રાકેશભાઈ શાહ સહિત ભિલોડાનગરના પ્રજાજનો અને વેપારીઓ, ચોકસી એસોસીએશન ભિલોડાના હોદ્દેદારોએ ભિલોડા મામલતદાર એ. કે. જોષી અને ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.આઈ. વી.યુ. ચાવડાને આ ઘટના સંદર્ભે આવેદનપત્ર અપાયું હતું. વેપારીઓ એકતાના તાંતણે બંધાયેલા છે ત્યારે ઘટના સંદર્ભે વિરોધમાં બજારો સ્વંયભુ બંધ રહ્યા હતા.

## છાપી વિસ્તારમાં વીજીલન્સે દરોડો પાડી ૪૫,૧૫,૨૮૦નો મુદ્દામાલ કબજે કર્યો

પાલનપુર, તા. ૨૦

ગાંધીનગર વીજીલન્સ સ્કવોર્ડને બાતમીના આધારે બનાસકાંઠા જિલ્લાના છાપી હાઈવે તેમજ તાજ કોમ્પ્લેક્ષમાં વોચ ગોઠવી વિદેશી દારૂ અને મુદ્દામાલ મળી કુલ ૪૫,૧૫,૨૮૦નો મુદ્દામાલ કબજે કર્યો છે અને આ વિસ્તારમાં ચાલતી ગેરકાયદેસરની પ્રવૃત્તિ બાબતે છાપી પી.એસ.આઈ. કે.સી. રાઠવાને પ્રોહીબીશન અંગેની બદી નાબુદ કરવામાં ગંભીર બેદરકારી દાખવેલ તેમને પોલીસ અધિક્ષક બનાસકાંઠા દ્વારા ફરજ મોકુફ કરેલ છે.

બનાસકાંઠા જિલ્લામાં દારૂની બદી સદંતર નેસ્ત નાબુદ કરવા પોલીસ અધિક્ષક બનાસકાંઠા પાલનપુરને અવારનવાર જિલ્લાના અધિકારીઓને લેખિત તેમજ મૌખિક રજુઆત કરવા છતા ગત તારીખ ૧૮ જુન ૨૦૧૩ના રોજ વીજીલન્સ સ્કવોર્ડ ગુજરાત રાજય ગાંધીનગર દ્વારા પી.એસ.આઈ. વી.વી. ઓડેદરા તેમજ તેમના સ્ટાફને મળેલ બાતમીના આધારે છાપી તાજ કોપ્લેક્ષ તથા હોટલ સામે છાપી હાઈવે ઉપર વોચમાં રહી પર પ્રાંતીય ઈંગ્લીશ દારુ બીયરની બોટલ ૨૦૧૭૨ મળી કિંમત રૂ. ૩૪,૯૮,૦૦૦ તથા ટ્રક કિંમત રૂપિયા ૧૦ લાખ તથા રોકડ રકમ રૂ. ૧૬૭૮૦ તથા મોબાઈલ ફોન કિંમત રૂ. ૫૦૦ એમ કુલ મળી રૂપિયા ૪૫,૧૫, ૨૮૦નો મુદ્દામાલ કબજે કરી છાપી પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી.નંબર ૫૧૨૫/૧૩ પ્રોહી. એકટ ક. ૬૬ બી. ૬૫ એઈ, ૧૧૬ (૨), ૮૧ મુજબનો દાખલ કરાવેલ છે. આમ છાપી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી આવી ગેરકાયદેસર દારૂની પ્રવૃત્તિ બાબતે કે.સી. રાઠવા, પી.એસ. આઈ. છાપી પોલીસ સ્ટેશન પ્રોહી. અંગેની બદી નાબુદ કરવામાં ગંભીર બેદરકારી દાખવેલ તેમજ આ બદી અટકાવવામાં નિષ્ફળ રહેલ હોવાથી તેઓને પોલીસ અધિક્ષક બનાસકાંઠા પાલનપુર દ્વારા ગત તારીખ ૧૯ જુન ૨૦૧૩ના રોજ ફરજ મોકુફ હેઠળ મુકવામાં આવેલ છે. ફરજ મોકુફ કરાતા જિલ્લાના પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામેલ છે.

## દાંતીવાડા પોલીસ ચોકીની ઓચિંતી મુલાકાતે ડી.વાય.એસ.પી.

દાંતીવાડા શહેર સ્થિત આઉટ પોસ્ટ પોલિસ સ્ટેશનમાં થરાદ ડી.વાય.એસ.પી. દ્વારા ઓચિંતી મુલાકાતે આવી પહોંચ્યા હતા અને હાજર ગ્રામજનોને સંતોષકારક રીતે સાંભળી તેમના મનમાં ઉપસેલા પ્રશ્નોનો સ્થળ ઉપર નિરાકરણ લાવવાનો પ્રયત્ન કર્યો હતો. દાંતીવાડા આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશનમાં થરાદ ડી.વાય.એસ.પી. એ આવીને આકસ્મિક ઈન્સ્પેકશન હાથ ધર્યું હતું. જયાં પાંથાવાડા પી.એસ.આઈ. દલસાણીયા તેમજ દાંતીવાડા આઉટ પોસ્ટના જમાદાર પઢિયાર, રણજીતસિંહ તેમજ રાઈટર અને પોલિસ મથકના સ્ટાફની હાજરીમાં ડીવાયએસપી દ્વારા ગ્રામજનોને સંતોષપૂર્વક સાંભળ્યા હતા,



મહેસાણા જિલ્લામાં શહેરી કક્ષાના શાળા -વેશોત્સવનો -ારંભ ગૃહ રાજય મંત્રીશ્રી રજનીકાન્ત પટેલના હસ્તે થયો હતો. મહેસાણા શહેરની દેલા વસાહત -ાથમિક શાળા ૮, ઈન્દીરા નગર, મહેસાણા કુમાર ૧ અને કન્યા શાળા નં ૨ તેમજ મહેસાણા શાળા નંબર ૩ પોલીસ હેડ ક્વાટર્સ શાળાના બાળકોને ગૃહમંત્રીશ્રીએ નામાંકન કરાવી શાળામાં -વેશ અપાવ્યો હતો.

## મોડાસા શહેરમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના મોડાસા શહેરની -ાથમિક શાળામાં જિલ્લા સાસંદ શ્રી મહેન્દ્ર સિંહ ચૌહાણના હસ્તે ધોરણ-૧ અને આંગણવાડીમાં -વેશપાત્ર બાળકોનું નામાંકન કરાવ્યુંહતું

આ -સંગે શાળામાં બાળકોને નામાંકન કરાવતા સાસંદશ્રીએ જણાવ્યું હતું કે દરેક સમાજનો વિકાસ શિક્ષણ થકી શક્ય છે. આથી દરેક ગામના વાલીઓ, આગેવાનોને -ાથમિક શાળામાં -વેશપાત્ર દરેક બાળકને -ાથમિક શાળામાં દાખલ કરાવવા તથા બાળકને નિયમિત શાળાએ મોકલવા અને શિક્ષણક્ષેત્રે આગળ વધે તેવી વાલી તરીકે જવાબદારી નિભાવવી અને રાષ્ટ્રના નિર્માણમાં યોગદાન આપવુ જોઈએ.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે શિક્ષિત સમાજના નિર્માણ માટે રાજય સરકારે કન્યા કેળવણી ઉપર ભાર મુક્યો છે. કન્યા કેળવણી ને મહત્વ આપી કન્યાઓ ૮ ધોરણ સુધી -ાથમિક શિક્ષણ -ાપ્ત કરી આગળ વધે તે માટે અમલમાં મુકવામાં આવેલ વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજનાની વિસ્તૃત જાણકારી આપી હતી. આ -સંગે સાસંદશ્રી તથા મહાનુભવોના હસ્તે ધોરણ-૧ માં -વેશ મેળવનાર કન્યાઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ એનાયત કર્યા હતા.

શાળાના બાળકોએ -ાર્થના તેમજ યોગનું નિદર્શન કર્યુ હતું. આ -સંગે પૂર્વ ધારાસભ્ય શ્રી દિલીપસિંહ પરમાર, નગરપાલિકાના સદસ્યો, અધિકારીઓ, કેળવણી નિરીક્ષકો, વાલીઓ, શિક્ષકો, બાળકો તથા શહેરીજનો હાજર રહયાં હતા.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર

કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

A 1000 Sq.Ft. A/C Showroom in your city with exclusive display of

Ceramic Wall Tiles | Virtified Tiles | Ceramic Floor Tiles
Aquart | Wall Cladding | Marble Stone * Quartz

and a wide range of vivid pattern with extinguish combinations.

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

F.F. 101/102/103, Jay Yogeshwar Complex, Nr. City Pulse Cinema, Opp. Kudasan Bus Stop Gandhinagar - Koba High way, Gandhinagar. Mobile : 94265 13601

## ઉત્તર ગુજરાતના બજાર ભાવો

**તલોદ**

| | | |
|---|---|---|
| મગફળી | ૬૦૦ | ૮૯૦ |
| જુવાર | ૩૫૦ | ૪૦૬ |
| એરંડા | ૬૭૫ | ૬૮૫ |
| ઘઉં | ૩૦૮ | ૩૪૮ |
| બાજરી | ૨૩૨ | ૩૦૫ |
| ગવાર | ૧૩૫૦ | ૧૪૨૦ |

**સલાલ**

| | | |
|---|---|---|
| મગફળી | ૮૧૧ | ૯૦૫ |
| ઘઉં | ૩૧૦ | ૩૬૦ |
| બાજરી | ૨૫૦ | ૨૭૦ |
| ડાંગર જવા | ૩૦૦ | ૩૨૫ |
| ડાંગર ગુજ | ૩૪૦ | ૩૬૦ |

**પ્રાંતિજ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૫૦ | ૬૭૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૫૦ |
| બાજરી | ૨૪૦ | ૨૭૫ |
| ડાંગર ગુજ | ૩૪૦ | ૩૬૦ |
| ડાંગર જ્યા | ૩૦૦ | ૩૨૬ |

**ધનસુરા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૮૦ |
| મકાઈ | ૨૪૫ | ૨૯૨ |
| ઘઉં | ૩૦૫ | ૩૬૫ |
| બાજરી | ૨૪૫ | ૨૭૫ |
| ગવાર | ૧૩૦૦ | ૧૪૦૦ |

**ખેડબ્રહ્મા**

| | | |
|---|---|---|
| ઘઉંલોકવાન | ૩૦૨ | ૩૩૦ |
| ઘઉં૪૯૬ | ૩૧૫ | ૩૬૨ |
| મકાઈ | ૨૪૫ | ૨૭૪ |
| એરંડા | ૬૭૦ | ૬૮૨ |
| મગફળી | ૭૨૫ | ૭૮૦ |
| મગ | ૯૦૦ | ૧૦૬૦ |
| બાજરી | ૨૬૫ | ૨૬૯ |

**મોડાસા**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૭૫ |
| બાજરી | ૨૬૦ | ૨૯૬ |
| મકાઈ | ૨૫૦ | ૨૮૦ |
| ઘઉં | ૨૯૩ | ૩૬૯ |
| મગફળી | ૭૦૦ | ૮૮૧ |
| ગવાર | ૧૩૦૦ | ૧૪૦૬ |
| મગ | ૯૩૧ | ૧૦૬૫ |
| જુવાર | ૩૭૦ | ૪૦૯ |

**ટીંટોઈ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૭૬ |
| બાજરી | ૨૬૦ | ૨૭૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૩૫ |
| મગફળી | ૭૫૦ | ૮૭૫ |
| મગ | ૯૫૦ | ૧૦૬૦ |

**દહેગામ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૬૦ | ૨૯૪ |
| ઘઉં | ૩૧૨ | ૩૪૧ |
| ડાંગર | ૨૬૫ | ૨૭૫ |
| એરંડા | ૬૭૨ | ૬૮૦ |
| ગવાર | ૧૪૧૬ | ૧૫૭૧ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૦ |
| તુવેર | ૫૫૦ | ૬૬૦ |
| જુવાર | ૩૯૦ | ૪૨૧ |
| રાયડો | ૫૫૦ | ૬૦૦ |

**રખિયાલ**

| | | |
|---|---|---|
| બાજરી | ૨૫૮ | ૨૯૨ |
| ઘઉં | ૩૧૦ | ૩૪૦ |
| ડાંગર | ૨૬૦ | ૨૭૦ |
| એરંડા | ૬૭૦ | ૬૭૫ |
| ગવાર | ૧૪૦૦ | ૧૫૫૦ |
| મકાઈ | ૨૬૦ | ૨૮૦ |
| તુવેર | ૫૨૫ | ૬૨૫ |
| જુવાર | ૩૮૦ | ૪૧૫ |
| રાયડો | ૫૨૦ | ૫૭૦ |

**ઈડર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૨૦ | ૩૬૦ |
| મકાઈ | ૨૭૦ | ૨૯૧ |
| એરંડા | ૬૭૦ | ૬૭૮ |
| બાજરી | ૨૬૦ | ૨૮૦ |
| મગફળી | ૭૦૦ | ૯૦૦ |
| ગવાર | ૧૩૫૦ | ૧૪૦૧ |
| મગ | ૯૫૫ | ૧૦૦૦ |

**કડી**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૪૦ |
| ડાંગર | ૨૮૮ | ૩૭૫ |
| બાજરી | ૨૫૨ | ૨૮૨ |
| જવ | ૨૩૦ | - |
| ગવાર | ૧૩૬૦ | ૧૫૫૦ |
| એરંડા | ૬૭૮ | ૬૮૩ |
| રાયડો | ૫૮૫ | ૬૦૭ |
| જીરૂ | ૨૦૫૭ | ૨૪૮૦ |
| જુવાર | ૩૨૫ | ૪૦૦ |
| તલ | ૧૯૨૬ | ૨૦૪૩ |

**પાલનપુર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૧૦ | ૪૩૫ |
| બાજરી | ૨૧૦ | ૨૯૫ |
| એરંડા | ૬૭૦ | ૬૯૦ |
| રાયડો | ૬૧૦ | ૬૨૬ |
| રાજગરો | ૯૬૧ | ૧૦૫૧ |
| મગફળી | ૭૦૦ | ૯૫૦ |

**સિદ્ધપુર**

| | | |
|---|---|---|
| મેથી | ૫૨૨ | ૫૪૦ |
| રાજગરો | ૮૩૦ | ૧૦૧૨ |

| | | |
|---|---|---|
| અસાળીયો | ૫૭૦ | ૭૫૨ |
| જવ | ૨૫૭ | - |
| મગ | ૧૦૫૦ | - |
| તલ | ૧૮૮૦ | - |
| રાયડો | ૫૯૪ | ૬૩૬ |
| એરંડા | ૬૫૫ | ૭૦૦ |
| ગવાર | ૧૧૫૧ | ૧૫૧૬ |
| ઘઉં | ૨૬૪ | ૪૦૭ |
| બાજરી | ૨૨૫ | ૩૨૭ |
| જુવાર | ૩૩૬ | ૬૪૬ |
| જીરૂ | ૨૦૧૬ | ૨૩૮૯ |
| ઈસબગુલ | ૧૧૬૩ | ૧૧૮૭ |
| સવા | ૬૫૦ | - |

**વિસનગર**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૦ | ૩૬૫ |
| બાજરી | ૨૦૦ | ૩૧૨ |
| રાયડો | ૫૮૦ | ૬૩૫ |
| એરંડા | ૬૬૫ | ૬૯૪ |
| કપાસ | ૭૧૧ | ૯૮૫ |
| જુવાર | ૩૦૦ | ૫૬૦ |
| તલ | ૧૭૦૦ | ૧૮૨૫ |
| મેથી | ૪૫૦ | ૫૯૫ |
| ગવાર | ૧૩૦૦ | ૧૪૫૧ |
| રાજકાના બી | ૧૫૦૦ | ૨૬૦૦ |

**મહેસાણા**

| | | |
|---|---|---|
| જુવાર | ૩૯૩ | ૫૬૬ |
| ઘઉં | ૨૯૧ | ૩૮૪ |
| જીરૂ | ૨૩૧૧ | ૨૪૧૮ |
| રાયડો | ૫૩૬ | ૬૧૪ |
| મેથી | ૫૨૯ | ૫૩૨ |
| વરીયાળી | ૫૯૭ | - |
| બાજરી | ૨૫૦ | ૨૯૨ |
| એરંડા | ૬૬૫ | ૬૮૦ |
| અજમો | ૪૦૦ | ૧૦૬૫ |
| ગવાર | ૧૩૪૩ | ૧૩૯૩ |
| રજકાળી | ૧૩૭૫ | ૨૮૫૧ |

**આંબલીયાસણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૮૦ | ૩૫૯ |
| બાજરી | ૨૩૭ | ૨૯૩ |
| રાયડો | ૬૦૩ | ૬૧૧ |
| એરંડા | ૬૬૨ | ૬૬૮ |
| ગવાર | ૧૩૬૬ | ૧૪૦૩ |
| જુવાર | ૩૩૯ | ૩૯૩ |

**જોટાણ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૨૯૧ | ૩૫૧ |
| એરંડા | ૬૭૦ | ૬૭૭ |
| જવ | ૨૬૫ | - |
| બાજરી | ૨૪૫ | ૨૬૮ |
| ગવાર | ૧૩૮૬ | ૧૩૯૦ |

**હારીજ**

| | | |
|---|---|---|
| મેથી | ૫૦૦ | ૫૪૦ |
| ઈસબગુલ | ૯૫૦ | ૧૧૭૦ |
| રાયડો | ૬૦૦ | ૬૨૨ |
| એરંડા | ૬૫૦ | ૬૮૮ |
| સાસટો | ૩૦૦ | ૪૭૬ |
| બાજરી | ૨૫૦ | ૩૨૪ |
| ઘઉં | ૨૯૦ | ૪૨૧ |
| ગવાર | ૧૩૦૦ | ૧૪૪૮ |
| અડદ | ૫૦૦ | ૭૦૦ |
| ચણા | ૫૫૫ | ૬૦૫ |
| જીરૂ | ૨૨૦૦ | ૨૫૨૧ |
| સવા | ૭૦૦ | ૭૦૫ |
| બંટી | ૩૦૦ | ૩૪૫ |

**કલોલ**

| | | |
|---|---|---|
| ઘઉં | ૩૦૦ | ૩૫૨ |
| એરંડા | ૬૮૦ | ૬૯૦ |
| બાજરી | ૨૬૦ | ૨૯૭ |
| ડાંગર | ૨૭૦ | ૩૬૫ |
| ગવાર | ૧૨૦૦ | ૧૪૫૬ |
| જુવાર | ૩૬૫ | ૫૭૮ |
| જવ | ૨૪૫ | ૨૫૨ |

**બાયડ**

| | | |
|---|---|---|
| એરંડા | ૬૬૦ | ૬૭૦ |
| ઘઉં | ૩૦૦ | ૩૭૦ |
| બાજરી | ૨૬૦ | ૨૭૫ |
| મકાઈ | ૨૭૦ | ૩૦૦ |
| ગવાર | ૧૨૦૦ | ૧૪૦૦ |

**પાટણ**

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૮૯૧ | ૨૩૯૧ |
| વરીયાળી | ૮૦૦ | ૧૪૭૧ |
| બંટી | ૪૦૪ | ૪૧૫ |
| રાયડો | ૫૫૦ | ૬૪૮ |
| એરંડા | ૬૫૦ | ૭૦૦ |
| ઘઉં | ૩૦૦ | ૪૦૦ |
| જુવાર | ૨૫૦ | ૪૨૦ |
| બાજરી | ૨૨૫ | ૩૧૨ |
| ગવાર | ૧૩૦૦ | ૧૪૭૬ |
| મેથી | ૪૨૫ | ૫૫૯ |
| સવા | ૫૯૨ | ૭૬૯ |

**ઊંઝા**

| | | |
|---|---|---|
| જીરૂ | ૧૯૮૧ | ૨૭૩૬ |
| વરીયાળી | ૭૭૨ | ૨૧૧૫ |
| ઈસબગુલ | ૧૨૨૫ | ૧૫૩૦ |
| સરસવ | ૫૯૮ | - |
| રાયડો | ૫૮૬ | ૬૫૫ |
| મેથી | ૫૩૧ | ૫૬૦ |
| તલ | ૨૦૦૦ | ૨૧૦૦ |
| સવા | ૬૫૧ | ૬૯૪ |